**વિષય :** ફિકસ પગારમાંથી નિયમિત નિમણુંક મળતાં માંદગીની રજા બાબત....

---

જા.નં. નકૃયુ/રજી/એડીએમ–ર શાખા/ ૮૮ - ૧૩૭ /૨૦૨૧ તા. ૦૨/૦૧/ ૨૦૨૧

ઈ/ચા **કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**<u>નકલ સવિનય રવાના</u> : –**

યુનિવર્સિટીના તમામ કોલેજો, યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ સારૂ.

ક્રમાંક:–પરચ/૧૦૨૦૨૦/૫૦૭/ઝ.૧

ગુજરાત સરકાર,
નાણા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા. /૧૦/૨૦૨૦ 12 OCT 2020

પ્રતિ,
સંયુકત નિયામકશ્રી(વહીવટ),
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
"વિમા અને લેખા ભવન" બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:– ફિકસ પગારમાંથી નિયમિત નિમણૂક મળતાં માંદગીની રજા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા.૧૫/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક–હિતિનિ/શાસન/બિરાપ–૩/જનરલ૧૫૨૯/૧૫૩૩ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ–૨)/ઝ.૧ ની શરત–(૩)થી આ રજાઓ એકઠી (accumulate) થઈ શકશે, તેવી જોગવાઈ થયેલ હોઈ, આવા ફીકસ પગારના કર્મચારીઓની પાંચ વર્ષની સેવા દરમ્યાન એકઠી થયેલ માંદગી અંગેની આ રજાઓ તેઓને નિયમિત નિમણૂક મળ્યા બાદ આગળ લઈ જઈ શકાય(Carry Forward) છે. જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
D.V.Parmar
(દિલીપ પરમાર)
ઉપ સચિવ
નાણા વિભાગ

– સિલેકટ ફાઈલ.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
17 OCT 2020
ઇનવર્ડ નં.
ગાંધીનગર

૧૨/૧૦/૨૦૨૦
૯૦૨
૨૧/૧૦/૨૦



Scanned by CamScanner

ફેક્સ નં.(૦૭૯) ૨૩૨૫૯૭૬૦
૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૩૯૪ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૪૪૧૧ (નાયબ નિયામક)
૨૩૨૫૪૫૦૬ (રહસ્ય સચિવ)
૫૨૧૦૨ (જીસ્વાન)
E-mail Address :-
Supt-admin-ngo3-dat@gujarat.gov.in

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય
" વિમા અને લેખા ભવન "
બ્લોક નં. ૧૭, પહેલો માળ,
સેકટર-૧૦/બી, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
એમ.એલ.એ. ક્વાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦, તાલુકો/જિલ્લો-ગાંધીનગર.

નંબરઃ હિતિનિ/ધારાન/બિરાપ-૩/જનરલ/૧૭૦૩                                        તારીખઃ ૨૩/૧૦/૨૦૨૦

પ્રતિ

(૧) હિસાબી અધિકારી શ્રી,
"બીલ-બજેટ" શાખા,
હિ.તિ.નિ કચેરી,ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારી શ્રી,
પગાર અને હિસાબીની કચેરી,ગાંધીનગર/અમદાવાદ.

(૩) પ્રધાન/ જીલ્લા તિજોરી અધિકારી શ્રી
જીલ્લા તિજોરી કચેરી..................(તમામ)

(૪) તિજોરી અધિકારી શ્રી(પેન્શન),
પેન્શન ચુકવણાં કચેરી,ગાંધીનગર/વડોદરા/સુરત/અમદાવાદ/રાજકોટ.

વિષયઃ- ફિક્સ પગારમાંથી નિયમિત નિમણુંક મળતા માંદગીની રજા બાબત.

સંદર્ભઃ- (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ.૧ તા.૧૨/૦૭/૨૦૧૬.
(૨) નાણા વિભાગનાતા.૧૨/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૨૦/૫૦૭/ઝ.૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે. સંદર્ભદર્શિત(૧)ના ઠરાવ ના મુદ્દા નં-૧ મુજબ, ફિક્સ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ, મેડિકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.સંદર્ભદર્શિત(૧) ઠરાવ ના મુદ્દા નં-૨ મુજબ, સંબધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજૂર કરી શકશે. સંદર્ભદર્શિત(૧) ઠરાવ ના મુદ્દા નં-૩ મુજબ, ફીક્સ પગારના કર્મચારીઓની પાંચ વર્ષની સેવા દરમ્યાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ તેઓને નિયમિત નિમણુંક મળ્યા બાદ આગળ લઇ જઇ શકાય કે નહિ ? જે અંગે અત્રેની શાખાના તા.૧૫/૦૬/૨૦૨૦ના પત્ર દ્વારા માર્ગ દર્શન માંગવામાં આવેલ હતું.

સંદર્ભ દર્શિત (૨)ના નાણા વિભાગના પત્ર પરત્વે ફિક્સ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ ફિક્સ પગારમાં ૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કરી, નિયમિત નિમણૂંકમાં આવતાં તેઓના ફિક્સ પગારમાં પાંચ વર્ષના સેવાકાળ દરમ્યાન જમા (એકઠી) થયેલ માંદગીની રજાની સિલક નિયમિત નિમણૂંક મળ્યા બાદ આગળ લઈ (Carry Forward) જઇ શકાય છે.તેમ નાણા વિભાગની ઝ.૧ શાખા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક(વહીવટ)

બિડાણ ::- નાણા વિભાગના તા.૧૨/૧૦/૨૦૨૦ના પત્રની નકલ

Scanned by CamScanner

રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ કર્મચારીઓને મળવાપાત્ર 'ખાસ રજા' મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણાવિભાગ,
ઠરાવ ક્રમાંકઃ– ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૨/૦૭/૨૦૧૬

<u>સંદર્ભઃ–</u>

(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)ઝ.૧

(૩) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)ઝ.૧

આમુખ :–

સંદર્ભ ક્રમાંક–(૧) સામેના નાણા વિભાગના ઠરાવથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ આ ઠરાવ સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓનો ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂકોના ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં કરવામાં આવેલ ઉકત સુધારા અન્વયે ફકરા–૪ હેઠળ રજાઓ બાબતે થયેલ જોગવાઈ ક્રમ–૨ હેઠળ નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

> **"કર્મચારીની પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઈજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજુરી મેળવી રજા મંજુર કરી શકશે. અને આ રજાના સમયગાળાનો નિયમોનુસાર પગાર–ભથ્થાં મળવાપાત્ર થશે."**

ઉકત જોગવાઈ સંદર્ભે આવી કેટલી ખાસ રજાઓ મંજુર કરી શકાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>–: ઠરાવ :–</u>

રાજય સરકારની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક–(૨) સામેના નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની શરત–૪(૨) હેઠળ નિયત થયેલ 'ખાસ રજા'ની જોગવાઈ હેઠળ નીચે મુજબનો સુધારો/સ્પષ્ટતા કરવામાં આવે છે.

(પાછળ)

૧. **ફીકસ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ, પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.**

૨. **સબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજુર કરી શકશે.**

૩. **આ રજાઓ એકઠી(accumulate) થઈ શકશે.**

સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની અન્ય વિગતો યથાવત્ રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

––o––